
Shubh Laxmi
STEEL & TUBE
Plot No. B/ Ind /129/A, Sub Plot No.3,
Near Udhna Sangh Commercial Complex, Udhna Station Road,
Udhna, Surat - 394 210 (Gujarat) India
+91 96011 48484 shubhlaxmisteelandtube@gmail.com
SUPPLIERS OF M.S. PIPE, GALVANISED PIPE,



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પીપી માણીયા હોસ્પિટલ પ્રા.લી.
કેન્સર & હાર્ટ ઈન્સ્ટીટયુટ & ટ્રોમા સેન્ટર
દક્ષિણ ગુજરાતની ૧૫૦ બેડ સાથેની સંપૂર્ણ સારવાર આપતી એકમાત્ર હોસ્પિટલ
ખાનગી ક્ષેત્રે ફુલ ટાઈમ નિષ્ણાંત ડોકટર્સની સેવાઓ
અત્યંત રાહત દરે
- હૃદયની બધી સારવાર (સ્ટેન્ટ, બાયપાસ સર્જરી)
- મગજ તથા જ્ઞાનતંતુના સર્જન/ફિઝીશીયન
- કેન્સરની બધી જ સારવાર (રેડિએશન સાથેની સારવાર)
- આંખના સર્જન મોતીયાનું ફ્રી ઓપરેશન (માત્ર નેત્રમણીનો ચાર્જ)
- ફિઝીશીયન-ડેન્ટીસ્ટ-ચામડી
- હાડકાંના સર્જન (ઘૂંટણ બદલવાની સર્જરી)
- જનરલ તથા કાન-નાક-ગળાના સર્જન

સરનામું : ધારૂકા કોલેજ સામે, કાપોદ્રા, સુરત.
એપોઈન્ટમેન્ટ માટે : 0261 3503500 | M. 96871 03500



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ અષાઢ વદ સાતમ શનિવાર ૨૭ જુલાઈ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૧૭ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦


**પેરિસમાં સીન નદીની મધ્યે પાણીમાં ઓપનિંગ સેરેમની સાથે ગેમ્સનો આરંભ, વરસાદને લીધે બધાએ રેઇન કોટ-છત્રીઓ ઓઢવા પડ્યા**

# વરસતા વરસાદ વચ્ચે ઑલિમ્પિક્સનો ઓપનિંગ સેરેમની








**ગેમ્સના સ્થાપક દેશ ગ્રીસથી શરૂ થયેલી પરેડનો અંત ઓસ્ટ્રેલિયા અને અમેરિકાના એથ્લેટ્સના આગમન સાથે અંત થયો**

**ગલોબલ પોપ સ્ટાર લેડી ગાગા અને ફ્રેન્ચ મેગા પોપ સ્ટાર આયા નાકામુરએ જોરદાર પરફોર્મન્સ આપી જાદુ પાથર્યો**

**આ વખતે બે આંકડે મેડલ જીતવાના ઇરાદા સાથે પહોંચેલી ભારતીય ટૂકડીની પરેડમાં એન્ટ્રીને લોકોએ ઉત્સાહથી વધાવી**

**85 બોટમાં સવાર થઇને 6800થી વધુ એથ્લેટ્સ પરેડમાં જોડાયા, કેટલાકે આજે તેમની સ્પર્ધા હોવાથી જોડાવાનું ટાળ્યું**







પેરિસ, જુલાઈ 26 (પીટીઆઈ) પેરિસ શહેર એક વિશાળ એમ્ફી થિયેટરમાં ફેરવાઈ ગયું, અને ફ્રાન્સે તેની સાંસ્કૃતિક વિવિધતા, ક્રાંતિની ભાવના, દોષરહિત કારીગરી અને સ્થાપત્ય વારસાને પ્રદર્શિત કરતા શુક્રવારે અહીં યોજાયેલી 33મી ઓલિમ્પિક્સ ગેમ્સના ઓપનીંગ સેરેમનીમાં પ્રતિષ્ઠિત સીન નદીએ એથ્લેટ્સની પરેડ માટે ટ્રેક તરીકે જાણે કે કામ કર્યું હતું. વરસતા વરસાદ વચ્ચે યોજાયેલા આ ઉદ્દઘાટન સમારોહની રંગારંગને થોડી ઝાંખપ તો લાગી હતી પણ પરેડમાં પ્રેક્ષકોનો અને એથ્લેટ્સનો ઉત્સાહ જળવાઈ રહ્યો હતો.

જ્યારે 'પરેડ ઓફ નેશન્સ' શરૂ થતાં તે પરંપરાથી અલગ ચાલીને એક સ્વપ્નશીલ વળાંક સાથે આ ભવ્યતાની શરૂઆત થઈ હતી. વરસતા વરસાદ વચ્ચે પરેડમાં 205 દેશોના એથ્લેટ્સ અને એક શરણાર્થી ટીમ બોટ પર સીન નદીમાં ઉતર્યા હતા. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના વડા થોમસ બાકે હાજરી પુરાવી હતી. આ પહેલા

...અનુસંધાન પાના ૯ પર

## વરસાદને કારણે ઓલિમ્પિક્સના ઉદ્દઘાટન સમારોહની ચમકદમક ઝંખવાઇ



પેરિસ 2024 ઓલિમ્પિક ગેમ્સનો ઉદઘાટન સમારોહ આજે રાત્રે વરસાદને કારણે ઝંખવાયો હતો અને 320,000 ભીંજાયેલા પ્રેક્ષકોની સામે સીન નદીના કાંઠે યોજાનારી ઈવેન્ટ પર તેની અસર જોવા મળી હતી. કોરિયોગ્રાફ કરેલ ઓપન-એર પરેડ ભારતીય સમય અનુસાર રાત્રે 11.00 વાગ્યે શરૂ થઈ હતી. હવામાનશાસ્ત્રીઓએ અસામાન્ય વરસાદની આગાહી કરી હતી તે સાચી સાબિત થઇ હતી, અને ભારે વરસાદે રંગારંગ કાર્યક્રમની મજા પણ બગાડી હતી. વરસાદને કારણે એથ્લેટ્સ અને શાહી મહેમાનોને વોટરપ્રૂફ પહેરવાની ફરજ પડી હતી જ્યારે ખુલ્લામાં બેસેલા પ્રેક્ષકોએ કશે ઓથ શોધવા માટે દોડાદોડી કરી હતી.

## ઈન્ટર્નશીપ આપવી તે દરેક માટે ફરજિયાત નથી: નિર્મલા

નવી દિલ્હી, તા. 26: પોતાનું સતત સાતમું બજેટ રજૂ કર્યા બાદ નાણા મંત્રી નિર્મળા સીતારમણે પત્રકારો સાથે બજેટ પર ચર્ચા કરી હતી.

પ્ર.: તમારા બજેટને રાજકીય બજેટ કહેવામાં આવી રહ્યું છે. વચગાળાના બજેટમાં જે હતું તેમાં ચૂંટણી પરીણામો બાદ ફેરફાર કરાયા છે?

સીતારમણ: આ બજેટમાં વચગાળા બજેટમાંથી દરેક વસ્તુ લેવાઈ છે, જો કે નવી વસ્તુઓ ઉમેરવામાં આવી છે. બિહાર અને આંધ્ર પ્રદેશમાં અમે આપેલા પ્રોજેક્ટના સંદર્ભમાં તમે તેને રાજકીય બજેટ કહો છો. એપી રિઓર્ગેનાઈઝેશન એક્ટનું સન્માન કરવું જોઈએ. અમે 2014થી આ કરી રહ્યા છીએ. આ જ કારણથી તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાં પછાત જિલ્લાઓના વિકાસ માટે

...અનુસંધાન પાના ૯ પર

## નીટનું અંતિમ પરિણામ જાહેર: ટોપર્સની સંખ્યા 61થી ઘટીને 17

**આ** 17 જણાએ સંપૂર્ણ 720 ગુણ જાળવી રાખ્યા

**હજારો** ઉમેદવારોના માર્ક અને રેન્કિંગમાં ફેરફાર

**ફિઝિક્સના** સવાલને લઈને 44 ટોપર્સના 5 માર્ક્સ ઘટી ગયા

નવી દિલ્હી, તા. 26 : નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એન. ટી. એ.) એ શુક્રવારે વિવાદોથી ઘેરાયેલી નીટ-યુ. જી. પ્રવેશ પરીક્ષાનું અંતિમ પરિણામ જાહેર કર્યું હતું, જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે સુધારેલા પરિણામોમાં 17 ઉમેદવારોએ ટોચનું સ્થાન મેળવ્યું છે, જે અગાઉ 61 હતા, જ્યારે અન્ય હજારો ઉમેદવારોના ગુણ અને રેન્કિંગમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

ક્વોલિફાઈંગ ઉમેદવારોની સંખ્યા અને કટ-ઓફમાં પણ નજીવો ઘટાડો જોવા મળ્યો છે.

કથિત પેપર લીક અને અન્ય ગેરરીતિઓને કારણે સુપ્રીમ કોર્ટે એન. ઈ. ઈ. ટી.-યુ. જી. 2024ની ફરીથી પરીક્ષાની માંગ કરતી અનેક અરજીઓ ફગાવી દેવાના ત્રણ દિવસ પછી "ફરીથી સુધારેલા" પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

જો કે, સર્વોચ્ચ અદાલતે એન. ટી. એ. ને ભૌતિકશાસ્ત્રના વિવાદાસ્પદ પ્રશ્નને ધ્યાનમાં લઈ મેરિટ સૂચિમાં સુધારો કરવા કહ્યું હતું, જેમાં બે સંભવિત જવાબો હતા અને સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની નિષ્ણાત સમિતિ દ્વારા સાચો વિકલ્પ સૂચવવામાં આવ્યો હતો.

તે તમામ 23 લાખ વિદ્યાર્થીઓ માટે એન. ઈ. ઈ. ટી. રેન્ક અને સ્કોર્સની સંપૂર્ણ પુનઃરચના તરફ દોરી ગયું. ઓછામાં ઓછા 4,20,000 વિદ્યાર્થીઓના ગુણ, જેમાં સંપૂર્ણ 720 હાંસલ કરનારા 61માંથી 44નો સમાવેશ થાય છે, તેમાં પાંચ ગુણનો ઘટાડો થયો હતો, કારણ કે કોર્ટે ભૌતિકશાસ્ત્રના પ્રશ્ન માટે તેમને મળેલા વિવાદિત ગુણને અમાન્ય ઠેરવ્યા હતા.

જો કે, તેમની રેન્કિંગ પર ચોક્કસ અસર તરત જ સ્પષ્ટ નથી. પરીક્ષાઓ 5 મેના રોજ યોજાઈ હતી અને

...અનુસંધાન પાના ૯ પર

## ઓલિમ્પિકના થોડા કલાકો પહેલા જ ફ્રાન્સના રેલ નેટવર્ક પર હુમલો

**પેરિસમાં** આવતી 3 રેલવે લાઈન પર આગચંપી અને તોડફોડ; વડા પ્રધાને કહ્યું - આ સુનિયોજિત કાવતરું છે

**હાઈ** સ્પીડ નેટવર્કને નિશાન બનાવાતા ઓલિમ્પિક ખેલાડીઓ સહિત લાખો મુસાફરો અટવાયા



પેરિસ, તા. 26 જુલાઈ : ઑલિમ્પિકના ગ્રાન્ડ ઓપનિંગ સેરેમનીના કલાકો પહેલા ફ્રાન્સના હાઈ-સ્પીડ રેલ નેટવર્કને શુક્રવારે ઓલિમ્પિક રમતવીરોને મુસાફરી કરતા અટકાવવા આગચંપીના હુમલાઓ સહિત તોડફોડના વ્યાપક અને "ગુનાહિત" કૃત્યો સાથે ખોરવી દેવાઈ હતી જેનાથી, બાકીના ફ્રાન્સ અને યુરોપમાંથી પેરિસની મુસાફરી લકવાગ્રસ્ત બની હતી.

ફ્રેન્ચ અધિકારીઓએ હુમલાને "ગુનાહિત કાર્યવાહી" તરીકે વખોડી કાઢ્યા હતા, જોકે તેમણે કહ્યું હતું કે રમતો સાથે સીધો સંબંધ હોવાના કોઈ સંકેત નથી. પેરિસમાં વકીલોએ

...અનુસંધાન પાના ૯ પર

### એરપોર્ટ ખાલી કરાવાયું

શુક્રવારે જ જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડની સરહદ પર બેસલ-મુલહાઉસનું ફ્રેન્ચ એરપોર્ટ સવારે ખાલી કરાવવામાં આવ્યું હતું અને "સલામતીના કારણોસર" થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું, એમ એરપોર્ટએ જણાવ્યું હતું. તે સ્પષ્ટ નહોતું કે રેલ હુમલાઓ સાથે કોઈ જોડાણ હતું કે નહીં.

### તા. ૨૬-૦૭-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૪.૦૦ મીમી | મોસમનો ૧૦૯૮ મીમી | |
|---|---|---|---|
| ઉકાઇ | સપાટી આજની ૩૧૯.૨૧ ફૂટ | આઉટફ્લો ૬૦૦ ક્યુસેક | |
| તાપમાન | મહત્તમ ૨૯.૮ સે. | લઘુત્તમ ૨૬.૨ સે. | ભેજ ૮૮% |

**કારગિલ સંઘર્ષમાં ભારતની જીતની 25મી વર્ષગાંઠ પર ઈસ્લામાબાદને કડક ચેતવણી**

## આતંકના આકાઓ સાંભળી લે, તેમના નાપાક ઈરાદા ક્યારેય સફળ નહીં થાય: મોદી

**દ્રાસમાં** કારગિલ સ્મારક ખાતે એક સમારોહને સંબોધતા મોદીએ કહ્યું: પાકિસ્તાને તેના ભૂતકાળમાંથી કંઈ શીખ્યું નથી

દ્રાસ (લદ્દાખ): કારગિલ સંઘર્ષમાં ભારતની જીતની 25મી વર્ષગાંઠ પર ઈસ્લામાબાદને કડક ચેતવણી આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું કે પાકિસ્તાન આતંકવાદ અને પરોક્ષ યુદ્ધોનો ઉપયોગ કરીને પ્રસ્તુત રહેવાનો પ્રયાસ કરી રહ્યું છે અને

...અનુસંધાન પાના ૯ પર

### અગ્નિવીર યોજના મહત્વપૂર્ણ સુધારામાંની એક: મોદી

સંરક્ષણ ક્ષેત્રમાં સુધારા માટે સંરક્ષણ દળોની પ્રશંસા કરતાં મોદીએ અગ્નિપથ યોજનાને મહત્ત્વપૂર્ણ સુધારામાંથી એક ગણાવી હતી. ભારતીય સેનાની સરેરાશ આયુ વૈશ્વિક આયુથી વધુ હોવાની લાંબા સમયથી જોવા મળતી ચિંતાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુ કે, ભૂતકાળમાં આ ગંભીર ચિંતાને પહોંચી વળવા માટે કોઈ ઇચ્છાશક્તિ નહોતી, જેને અત્યારે અગ્નિપથ યોજના મારફતે

...અનુસંધાન પાના ૯ પર

## ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોએ અગ્નિવીરો માટે અનામતની જાહેરાત કરી

**મધ્યપ્રદેશ,** છત્તીસગઢ, ઉત્તરાખંડ અને ઓડિશાના મુખ્યમંત્રીઓએ અગ્નિવીરો માટે અનામતની જાહેરાત કરી

લખનૌ, તા. 26: અગ્નિવીર યોજના પર વિવાદ વચ્ચે કારગિલ વિજય દિવસના અવસર પર ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોની ભાજપ સરકારોએ અગ્નિવીરોને ભેટ આપી છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશામાં અગ્નિવીરની નોકરી કરીને આવેલા યુવાઓને પોલીસ ભરતીમાં 10 ટકા અનામત આપવાની જાહેરાત કરાઈ હતી.

ઉ.પ્ર.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓએ આ બાબતની માહીતી આપી હતી. ઉ.પ્ર.ના મુખ્યમંત્રી યોગીએ કહ્યું હતું કે જ્યારે અગ્નિવીર પોતાની સેવા બાદ પરત આવશે ત્યારે રાજ્યની સરકાર આ યુવાઓને પ્રાથમિકતાના આધારે પોલીસ સેવા, પીએસીમાં ભરતી કરવાની સુવિધા આપશે. તેમના માટે એક અનામત સુવિધા આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે થોડાક વર્ષ પહેલાં કેન્દ્ર સરકારે અગ્નિવીર યોજના શરૂ કરી હતી જેની હેઠળ યુવાઓને ભારતીય સેનામાં 4 વર્ષ

...અનુસંધાન પાના ૯ પર